ગાંધીનગર સમાચાર

વાયબ્રન્ટ સમિટને પગલે એનએસજી કમાન્ડોની બે ટુકડી સ્ટેન્ડ ટુ

# સિવિલમાં વાયબ્રન્ટને અનુલક્ષી ત્રણ ડિઝાસ્ટર વોર્ડ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરને ચારેકોરથી સજાવવામાં આવી રહ્યું છે. વાયબ્રન્ટમાં કોઈ કચાશ રહી ન જાય તે માટે તમામ વિભાગો અધિકારીઓ-કર્મચારીઓ ખડેપગે ફરજ બજાવતા નજરે પડે છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલના શીરે પણ આરોગ્યની મોટી જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં હોસ્પિટલ દ્વારા તૈયાર કરવામાં આવેલી ટીમો મહાત્મા મંદિર, એકઝીબેશન હોલ, કોન્વોય, સહિત પાર્કીંગના સ્થળે પણ મેડીકલ ઓફિસર ટીમ અને જરૂરી દવાઓ સાથે હાજર રહેશે. જયારે હોસ્પિટલમાં ખાસ ત્રણ ડિઝાસ્ટર વોર્ડ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં અંદાજીત ૧૦૦ થી વધુ પથારીનો સમાવેશ કરાયો છે.

ગાંધીનગર શહેરમાં આગામી તા.૯ થી ૧૩ જાન્યુઆરીના રોજ વાયબ્રન્ટ સમિટ યોજાવાની છે. આ સમિટ અંતર્ગત બહારના દેશોમાંથી તેમજ ભારતમાંથી હજજારો વીવીઆઈપી મહેમાનો શહેરના આંગણે પધારશે. ત્યારે વાયબ્રન્ટને પગલે શહેરને ચોખ્ખુચણક કરી દેવામાં આવ્યું છે. શહેરમાં અત્યારે હાલ સ્વચ્છતા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. નગરના માર્ગો અને સરકારી ઈમારતો લાઈટીંગથી ઝળહળતી કરી દેવામાં આવી છે. પાટનગરમાં કાર્યરત તમામ વિભાગોના અધિકારીઓ છેલ્લા એક મહિનાથી યુધ્ધના ધોરણે કામ કરી રહ્યા છે ત્યારે મોટાભાગની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. વાયબ્રન્ટને અનુલક્ષી શહેર પણ વાયબ્રન્ટ બની જવા પામ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ મોંઘેરા મહેમાનો માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જયારે હોસ્પિટલ તંત્ર દ્વારા વિવિધ ટીમો બનાવામાં આવી છે. જે વાયબ્રન્ટમાં મહાત્મા મંદિર, વિવિધ ગેટ, એકઝીબેશન હોલ સે-૧૭ અને પાર્કીંગના સ્થળે પણ ખાસ મેડીકલ ઓફિસર સહિતની ટીમ જરૂરી દવાઓ સાથે તેનાત રાખવામાં અવી છે. હોસ્પિટલ તંત્ર દ્વારા સંકુલમાં બેઝ હોસ્પિટલ, વીવીઆઈપી વોર્ડ તેમજ ત્રણ અલાયદા ડિઝાસ્ટર વોર્ડ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ૧૦૦થી વધુ પથારીનો સમાવેશ કરાયો છે. વાયબ્રન્ટની આ વિવિધ કામગીરીને પગલે હોસ્પિટલના સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો. બિપિન નાયક અને આરએમઓ ડો. રાજેન્દ્ર ચૌહાણ, ડો. કલ્પેશ જશપરા સહિતના મેડીકલ ઓફિસરો સંકુલમાં બેઠકોમાં વ્યસ્ત તેમજ દોડધામ કરતા નજરે પડે છે.

## સરકારી વિનયન કોલેજના વિદ્યાર્થીઓની સત્ર ફી રૂમ નં. ૨માં સ્વીકારવામાં આવશે

ગાંધીનગર, તા.૩

સરકારી વિનયન કોલેજ સે-૧૫માં વર્ષ ૨૦૧૬-૧૭માં અભ્યાસ કરતા બીજા સત્રના વિદ્યાર્થીઓની ફી કોલેજના રુમ નં. ૨માં લેવામાં આવશે વિદ્યાર્થીઓને સમયસર અચુક ફી ભરવા જણાવાયું છે. જેમાં બીએ સેમ-૨ના વિદ્યાર્થી ભાઈઓએ તા. ૪-૧-૨૦૧૭ના રોજ ૧૧.૩૦ થી ૩.૩૦ તેમજ બહેનોએ તા. ૫ના રોજ સમય ૧૧.૩૦ થી ૩.૩૦ દરમિયાન ફી ભરવાની રહેશે. તેવી જ રીતે સેમ-૪ના વિદ્યાર્થીઓએ તા. ૬ના રોજ જયારે બહેનોએ તા. ૭ના રોજ સવારે ૧૧.૩૦ થી ૩.૩૦ સુધી ફી ભરવાની રહેશે. તદઉપરાંત સેમ-૬ના વિદ્યાર્થી ભાઈઓએ તા. ૯ના રોજ અને બહેનોએ તા. ૧૦ જાન્યુઆરીના રોજ સવારે ૧૧.૩૦ થી ૩.૩૦ સુધી ફી રૂમ નં. ૨માં ભરવાની રહેશે. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ વધુ વિગત માટે કોલેજના નોટીસ બોર્ડથી સૂચના જોવા માટે કોલેજના આચાર્યએ જણાવ્યું છે.

## વાઈબ્રન્ટ સમિટને પગલે એનએસજી કમાન્ડોની બે ટુકડી સ્ટેન્ડ ટુ

**મહાત્મા મંદિરમાં એન્ટ્રી કાર્ડ QR કોર્ડ આધારિત કાઢવામાં આવ્યા : આઈકાર્ડ સ્કેન કરતાં જ સંપૂર્ણ માહિતી કોમ્પ્યુટરમાં દેખાઈ જશે : ગૃહમંત્રી અને રાજય પોલીસ વડાએ સ્થળ મુલાકાત લીધી**

ગાંધીનગર, તા.૩

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મહાત્મા મંદિર ખાતે આવનાર તમામ વીવીઆઈપી મહેમાનો ઉપરાંત પ્રેસ મીડીયા તથા પોલીસ તમામને QR કોર્ડ આધારીત આઈકાર્ડ આપવામાં આવશે. તે ઉપરાંત અતિ સુરક્ષિત મહાત્મા મંદિર વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કડક બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેને તાત્કાલીક પહોંચી વળવા પાટનગરમાં એન.એસ.જી. કમાન્ડોની બે ટુકડીઓ પણ સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી છે.

QR કોર્ડ આધારીત આઈકાર્ડ મહાત્મા મંદિરમાં પ્રવેશ માટે બનાવવામાં આવનાર છે. મુલાકાતીઓ, મહાનુભાવો, પ્રેસ-મીડીયા તથા મહાત્મા મંદિર પર ડયુટીમાં તૈનાત રહેનાર પોલીસ તમામને QR કોર્ડ આધારીત પ્રવેશ કાર્ડ આપવામાં આવશે. આ કાર્ડ સ્કેન થતા જ મહાત્મા મંદિરમાં પ્રવેશ કરનાર વ્યકિતની સંપુર્ણ વિગતો કોમ્પ્યુટર સ્ક્રીન પર આવી જશે. તે ઉપરાંત દિલ્હીથી એનએસજીની બે ટુકડીઓ પાટનગરમાં લાવી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ પૂર્ણ થાય ત્યાં સુધી આ ટુકડીઓ સ્ટેન્ડ ટુ રહેશે. આ ઉપરાંત આજે ગૃહ મંત્રી, રાજય પોલીસ વડા સહિત ઉચ્ચ અધિકારીઓએ મહાત્મા મંદિર અને એકઝીબીશન સેન્ટર ખાતે મુલાકાત લીધી હતી અને જરુરી સુચનો કર્યા હતા.



સિનિયર સિટિઝન કાઉન્સીલ ગાંધીનગર દ્વારા ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સ્થિત પેથાપુર, ઘ-૬ કોર્નરમાં વસવાટ કરતાં મજૂર પરિવારો સેકટર-૭ સરકારી ફલેટ બાંધકામ કરતા મજૂરો તથા સે-૧૩ની ઝુંપડપટ્ટી વસાહતમાં કુલ ૧૯૫ નંગ ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મંત્રીશ્રી જે.એલ. શાહ, કન્વીનરશ્રી બી.ડી. શાહ, સહમંત્રી શ્રી અક્ષયભાઈ રાણા, પી.એલ.વી. શ્રી જયરામભાઈ સોની તથા દશરથભાઈ પરમારની સેવાનું યોગદાન રહ્યું હતું.

## મહાદેવ દેસાઈ શારિરીક શિક્ષણ મહાવિદ્યાલય સાદરા ખાતે રકતદાન શિબિર યોજાઈ

ચિલોડા, તા.૩

સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગર તથા સહયોગ મંડળના સંયુકત ઉપક્રમે તાજેતરમાં ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારિરીક શિક્ષણ મહાવિદ્યાલય સાદરા ખાતે રકતદાન શિબિર યોજાઈ હતી. જેમાં



સંસ્થાના પ્રો. જગદીશભાઈ સાવલીયા, હાર્દિક સાવલીયા, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા, સંસ્થાના એસોસીએટસ પ્રો. ડૉ. નીરજ શીલાવટે રકતદાન કર્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના આચાર્ય ડૉ. જમનાદાસ સાવલિયા, ડૉ. પ્રભુદાસ કાસુન્દ્રા, પ્રો. જગદીશ સાવલીયા, ડૉ. ઉદાજી પરમાર, સીનીયર સિટીઝન કાઉન્સિલના પ્રમુખ ભાનુભાઈ પુરાણી, એચ.વી. શાહ, આર.જે. શાહ, કન્વીનર રસિકભાઈ ગાંધી, સહયોગ મંડળના ભગુભાઈ તેમજ અન્ય પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી પ્રેરણાદાયી પ્રોત્સાહન પુરું પાડયું હતું. આ પ્રસંગે પ્રો. રવિન્દ્ર દવેનું માર્ગદર્શન પ્રેરણારૂપ બન્યું હતું. આ શિબિરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પેથોલોજીસ્ટ ડૉ. વંદનાબેનની રાહબરી હેઠળ રકત એકત્રિત કરવાની કામગીરી સફળ બની હતી. સંસ્થાના ૧૦૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રકતદાન કરી ઉમદા કાર્યમાં યોગદાન આપ્યું હતું.

## ગાયોના ત્રાસથી પેથાપુરના ખેડુતો ત્રાહિમામ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ખાતે ખેડુતોની પરિસ્થિતિ ગાયોના ત્રાસ દ્વારા નબળી બની રહી છે. આ પરિસ્થિતિના પરિણામે ખેતી પ્રવૃત્તિમાં મંદી જણાઈ રહી છે. ગ્રામજનો દ્વારા સતત ફરીયાદ કરવા છતાં સરકારી તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. આ પરિસ્થિતિને ટાળવા માટે સરકારી તંત્ર એ કોઈ પગલાં ભરેલ નથી. પેથાપુર ગામમાં આશરે ૪૦૦ થી ૫૦૦ બિનવારસી ગાયો ફરી રહી છે જે રાત્રીના ૧૨ વાગ્યા પછી ખેતરમાં પ્રવેશી પાકને નુકશાન કરે છે.

ખેડુતવર્ગ આ વર્ષે ૧૫થી ૨૦ ગણાં નુકસાનનો ભોગ બની રહ્યો છે. આશરે ૩૦૦ જેટલા ખેડૂતો આ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યાં છે. ખેડુતોની ૨૫૦ હેકટરની જમીનમાં આશરે ૮૦ ટકા જેટલું નુકસાન જણાઈ રહ્યું છે. ગ્રામજનો દ્વારા મુખ્યમંત્રી, કલેકટરશ્રી તથા મહાનગરપાલિકા સમક્ષ આ પરિસ્થિતિ અંગેની અરજી કરવામાં આવી હતી. જેની કોઈ નોંધ લેવામાં આવી નથી. સરકારી તંત્ર નબળુ જણાતા ભારતવર્ષમાં કૃષિ વર્ગ ખોરવવાની શકયતા રહેલ છે. પેથાપુરનો કૃષિ વર્ગ આ સમસ્યાના નિવારણ અંગેના પગલા લેવા માંગ કરી રહ્યો છે. જો સરકારી તંત્ર દ્વારા નોંધ લેવામાં નહીં આવે તો કૃષિ વર્ગની પરિસ્થિતિ વધુને વધુ બગડશે.

## હવેલી પરગણા વણકર સમાજ જોગ

ગાંધીનગર, તા.૩

શ્રી હવેલી પરગણા વણકર સમાજ દ્વારા ગાંધીનગર શહેરની એક ક્રિકેટ ટીમ તૈયાર કરવાની છે. જેથી ક્રિકેટમાં રસ ધરાવતા હોય અને સારું ક્રિકેટ રમતા હોય તેવા સમાજના ભાઈઓએ નટવરલાલ સોલંકી મો. ૯૪૦૯૫ ૪૨૫૯૪ પર સંપર્ક કરવા શહેરના પ્રમુખ જસવંતકુમાર એમ. અમીને જણાવ્યું છે.

## ગાંધીનગર જિલ્લાનું ગૌરવ

ગાંધીનગર, તા.૩

ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન દ્વારા આયોજીત ૭૧મી સંતોષ ટ્રોફી ૨૦૧૭નું મધ્યપ્રદેશના



સીંગરોલી ખાતે આયોજન કરવામાં આવ્યું છે ત્યારે ગાંધીનગર શહેરના યુવા ફુટબોલ ખેલાડી કૃષ્ણપાલસિંહ ઝાલાની સંતોષ ટ્રોફી માટે રમનાર ટીમમાં ગાંધીનગર ડીસ્ટ્રીકટ ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસિએશન દ્વારા પસંદગી કરવામાં આવી છે. કૃષ્ણપાલસિંહ અને કોચ જતિનભાઈ ભાવસારને મિત્રો તેમજ સગા સ્નેહીજનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## કડકડતી ઠંડીમાં રાત્રે સાળાએ ધાબળો માંગતા બનેવી ફરી વળ્યો

ગાંધીનગર, તા.૩

શહેરમાં કડકડતી ઠંડી રાત્રી દરમિયાન પડી રહી છે ત્યારે ગઈ રાત્રે ઠંડીથી બચવા સાળાએ બનેવી પાસે ધાબળો માંગ્યોને સાળાએ હોસ્પિટલમાં દાખલ થવું પડયું હોવાની ઘટના બની હતી. ઘ-૫ સર્કલ નજીક છાપરામાં ગઈ રાત્રે આ ઘટના બની હતી. બનેવીએ સાળાને માર મારતા સાળાને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ લઈ જવાયો હતો. સાળાની ફરિયાદને આધારે બનેવી સામે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ઘ-૫ સર્કલ નજીક આવેલા છાપરાઓમાં ગઈ રાત્રે મારામારી થવા પામી હતી. છાપરામાં રહેતા મુળ જામનગરના સાળા ચંદ્રભાગા લખનબત્રા ચૌહાણે ગઈ રાત્રે તેની બાજુના છાપરામાં રહેતા તેના બનેવી દેવરાજ પાસે ધાબળો માંગ્યો હતો. ઠંડીથી થરથરતા સાળાએ બનેવી પાસે ધાબળો માંગતા બનેવીએ ગાળાગાળી કરી સાળા સાથે મારઝુડ શરુ કરી દીધી હતી. ચંદ્રભાગા પડી જતા માથે પથ્થર વાગતા તેને હોસ્પિટલ લઈ જવો પડયો હતો. આ મામલે ચંદ્રભાગાની ફરિયાદ આધારે સે-૨૧ પોલીસ મથકના બળદવભાઈએ દેવરાજ સામે ગુનો નોંધી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## વણકર સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળો

શ્રી સમસ્ત વણકર સમાજ ટ્રસ્ટ વેજલપુર, અમદાવાદ દ્વારા અગિયારમા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

વણકર સમાજના યુવક યુવતીઓએ આ પસંદગી મેળામાં ભાગ લેવા માટે સંસ્થાના ગાંધીનગરના પ્રતિનિધિ ત્રિભોવન વી. મકવાણા, સે-૩-એ પ્લોટ ૭૧/૧, ગાંધીનગરનો સંપર્ક કરવો. આ અંગેની વધુ માહિતી અને વિગતો માટે મો. ૯૭૧૪૬૦૬૪૪૦નો સંપર્ક કરવા આ અંગેની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## @ગાંધીનગર

● શ્રીમદ્ ભાવગત કથા સે-૩-સી નવરાત્રી ચોક ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમદ્ ભાવગત કથા સે-૩-ન્યુ પ્લોટ નં. ૨૦૬, બગીચાની પાછળ, આરટીઓ ચોક ખાતે નિતિનભાઈ શાસ્ત્રીની વ્યાસપીઠે રાત્રે ૮ થી ૧૧ દરમિયાન યોજાશે.

● હરસિધ્ધિ સિધ્ધી પીઠ સે-૩-ડી ખાતે આયોજીત શ્રીમદ ભાગવત કથામાં બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન રૂકમણી વિવાહ કથા યોજાશે.

## ચિલોડા-દહેગામથી વાહનો ચોરતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર જિલ્લાના દહેગામ અને ચિલોડા તથા અમદાવાદ વિસ્તારમાં વાહનચોરી કરી તરખાટ મચાવનાર શખ્સ આખરે અમદાવાદ નરોડા પોલીસના સકંજામાં આવી ગયો છે. દહેગામ રીંગરોડ સર્કલ પાસેથી વાહનચોરને દબોચી લઈ સઘન પુછપરછ કરતાં ૧૦ વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. તે પૈકી ચાર ગુના દહેગામ-ચિલોડા વિસ્તારના છે. પોલીસે સાત વાહનો રીકવર પણ કરી લીધા છે. આ શખ્સની વધુ પુછપરછ શરુ કરવામાં આવી છે.

નરોડા પોલીસે બાતમીને આધારે દહેગામ રીંગરોડ સર્કલ પાસેથી ગઈ કાલે એક વાહનચોરને પકડી પાડયો હતો. દહેગામના પાટનકુવા ગામમાં રહેતા ભલા કરશન ઠાકોરને ચોરીના સ્પ્લેન્ડર બાઈક સાથે દહેગામ રીંગરોડ સર્કલ પાસેથીન પકડી ઊંડી પુછપરછ શરુ કરતા ૧૦ વાહનચોરીનો ભેદ ઉકેલાયો છે. નરોડા, નિકોલ, દહેગામ અને ચિલોડા વિસ્તારમાંથી ૧૦ બાઈકો ચોર્યા હોવાની કબુલાત ભલા ઠાકોરે કરી છે જે પૈકી દહેગામ વિસ્તારના ત્રણ અને મોટા ચિલોડા વિસ્તારમાંથી એક એમ ગાંધીનગર જિલ્લાના ચાર બાઈક ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. બાઈક ચોરની ધરપકડ કરી લઈ ચોરીના સાત બાઈક રીકવર કરી વધુ પુછપરછ હાથ ધરી છે.



**ચિલોડા સર્કલમાં ટ્રક ઘુસી ગઈ :** ચિલોડા સર્કલમાં વાહનોના ઠેકડાની જાણે પરંપરા બની હોય તેમ મંગળવારે વહેલી સવારે એક ભારવાહક ટ્રક ઘુસી ગઈ હતી. થોડાક જ સમય પહેલાં એક કાર આ રીતે જ સર્કલમાં ઘુસી ગઈ હતી. કડકડતી ઠંડીમાં વહેલી સવારની મીઠી નિંદર આવી ગઈ હોય અને વળાંક લેવાના બદલે સીધી જ ટ્રક દોડી જતાં આ ઘટના ઘટી હોય તેવું અનુમાન થઈ રહ્યું છે. આશ્ચર્ય એ બાબતનું બન્યું છે કે અતિભાર વાહક ટ્રક સર્કલની વચ્ચેની લગભગ દોઢ થી બે ફુટની જગ્યા કુદીને હેમખેમ અંદર ઉભી થઈ ગઈ છે જેમાં ટ્રકને કોઈ જાતનું નુકસાન નથી કે કોઈ જાનહાની નથી જે કુદરતનો ચમત્કાર ગણાઈ રહ્યો છે. ગાંધીનગર તરફથી આવતા પૂરઝડપે વાહનો અંધકારમાં સર્કલ કે તેના વળાંક ન જોઈ શકતા વારંવાર આવી ઘટનાઓ બની રહી છે જ ભવિષ્યમાં કોઈના માટે મોતનું કારણ બનવાના સંજોગો જણાઈ રહ્યા છે. જેથી વળાંક પહેલા નાનકડો બમ્પ બનાવાય તેવી માંગ ઉઠવા પામી છે.

## ગાંધીનગરમાં ૨૦ કરોડના ખર્ચે અદ્યતન રાજપૂત સમાજ ભવન બનાવાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં રાજપૂત સમાજનો સ્નેહમિલન સમારંભ તાજેતરમાં યોજાયો હતો. આ સમારંભના ઉદઘાટક તરીકે સંસદસભ્ય અને ભાજપ મહામંત્રી ભરતસિંહજી પરમાર, સમારંભના અધ્યક્ષ સ્થાને ધારાસભ્ય શકિતસિંહ ગોહિલ, ખાસ મહેમાન પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પૂર્વ રાજયસભાના સભ્ય રાજપૂત અગ્રણી કનકસિંહ માંગરોલા, મહિલા વિધાનસભા ભાવનાબા ઝાલા, કોંગ્રેસના પ્રવકતા જયરાજસિંહ પરમાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કનકસિંહ માંગરોલાએ જણાવ્યું હતુ કે હવે ગુજરાતના તમામ રાજપૂત ભેગા થઈ, ગાંધીનગરમાં શિક્ષણ ક્ષેત્રે તેમજ સિવિલ સર્વિસોમાં સમાજના દિકરા દિકરીઓ જોડાય, આજની તાતી જરૂરિયાત છે. સમાજના સર્વાંગી વિકાસમાં પોતાનો સહયોગ આપવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલે રૂ. ૧ કરોડ અગિયાર લાખ એક હજારનો ચેક સમાજને અર્પણ કર્યો હતો અને સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે ડૉ. શંકરસિંહ રાણાએ રૂ. ૨૦ કરોડના ખર્ચે સમાજ ભવન બનાવવાની વિગવતાર રૂપરેખા આપી હતી. આ ભવન સમાજના દિકરા દિકરીઓના વિકાસ માટે અર્પણ કરવા જણાવ્યું હતું તેમજ મહારાણા પ્રતાપ જયંતિ તેમજ આ વર્ષ દરમિયાન સમાજ દ્વારા ઉજવનારા કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

વાવોલ ગ્રામ પંચાયતમાં સભ્ય તરીકે ચૂંટાતા ભાવનાબા વિક્રમસિંહ ગોલનું શાલ ઓઢાડી બુકે આપી ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

મહામંત્રી પ્રદિપસિંહ બિહોલાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું જયારે આભારવિધિ વિદ્યા લાયબ્રેરીવાળા અને સંયોજક પ્રદિપસિંહ વાઘેલાએ કરી હતી તેમ પ્રચાર મંત્રી વિનોદસિંહ રાઠોડે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# શહેરમાં હૃદયરોગની તમામ સારવાર હવે આશ્કા હોસ્પિટલમાં

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સ્થિત આશ્કા હોસ્પિટલ શહેરની સૌથી વિશાળ હોસ્પિટલ તરીકે જાણીતી બની રહી છે. જેમાં અદ્યતન ટેકનલોજીનો અને મલ્ટીપલ ટેકનોલોજીના ઉપયોગથી ફરી આજે સમાચારમાં રહેવા પામી છે. જે આગામી ૧૬ જાન્યુઆરી સોમવારથી હૃદયરોગની તમામ સારવાર માટે ઉપલબ્ધ બનશે. આશરે ૧૦ કરોડના ખર્ચે આ નવીન કાર્ડિયાક વિભાગ શરૂ થવા જઈ રહ્યો છે. જે હાલમાં હૃદયરોગની સારવાર આપતી હોસ્પિટલોની સરખામણીમાં ૧૦થી ૧૨ ટકા ઓછા ખર્ચે સવલતો





આપશે. આ સારવારના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો અને તેમની ટીમ બહારથી બોલાવવામાં આવશે. અમદાવાદથી સુપર સ્પેશ્યાલીસ્ટ ડૉ. હશિત જોષી, સિનિયર ડૉ. સુકુમાર મહેતા જેવા નિષ્ણાંતો દ્વારા સારવાર આપવામાં આવશે. જે ગાંધીનગરના તેમજ આજુબાજુના વિસ્તારના હૃદયરોગના તમામ દર્દીઓ માટે આગામી સમયમાં વરદાનરૂપ બનશે તેવું હોસ્પિટલના મેનેજીંગ ડિરેકટર બીપીનભાઈ શાહે ગાંધીનગર સમાચાર સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું.

આમ તો ગાંધીનગરમાં નાની મોટી ઘણી સારી હોસ્પિટલો છે. પરંતુ હૃદયરોગની સારવાર માટે ગાંધીનગર નબળું સાબિત થતું આવ્યું છે ત્યારે ખુબ જ ઓછા સમય પહેલા આરંભાયેલ આશ્કા હોસ્પિટલે હૃદયરોગના દર્દીઓ માટે વરદાનરૂપ પગલું ભર્યું છે. અચાનક આવતો હૃદયનો હુમલો એ માત્ર ગણતરીની સેકન્ડોનો હોય છે. અને આવા સમયમાં ખાસ ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારમાં રહેતા નાગિરકોને આ સારવાર અહીંયા ઉપલબ્ધ નહોતી મળતી ત્યારે આશ્કા હોસ્પિટલ હવે નવી હોડ ભરી હૃદયરોગની તમામ સારવાર માટે સજ્જ બની છે જે ગાંધીનગરના નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

## ચિરવિદાય

- સ્વ. વિનુજી બાલુજી ઠાકોર, ઉ.વ. ૪૫
- સ્વ. ભોળાભાઈ શિવરામદાસ પટેલ, ઉ.વ. ૮૪
- સ્વ. દશરથલાલ છનાલાલ મિસ્ત્રી, ઉ.વ. ૭૦
- સ્વ. મંગળભાઈ નાનજીભાઈ લઢેલ, ઉ.વ. ૬૫
- સ્વ. જસવંતીબેન ગોરધનભાઈ પરમાર, ઉ.વ. ૬૫
- સ્વ. ડુંગરભાઈ લાખુભા ગઢવી, ઉ.વ. ૭૮
- સ્વ. વિઠ્ઠલભાઈ રામાભાઈ સોલંકી, ઉ.વ. ૮૫
- સ્વ. મફાતી મોતીજી ઠાકોર, ઉ.વ. ૬૫